

# ૪૫ મો

# વાર્ષિક અહેવાલ અને હિસાબો

# ૨૦૧૯ – ૨૦

## સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

### સુરસાગર ડેરી, વઢવાણ.

રજી. નં. સે.દૂ.ઉ–૨૦૦૧ તા. ૨૪–૩–૧૯૭૫



ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ દૂધ દિવસ ઉજવણી કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ તેની યાદગારી રૂપે તે પ્રસંગની તસ્વીર અર્પણ કરતાં દૂધ સંઘના ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ, ગુ.રા. ના માજી મંત્રી શ્રી કિરીટસિંહ રાણા સાહેબ, ડીસ્ટ્રીકટ કો.ઓ. બેંક ના ચેરમેન શ્રી હરદેવસિંહ પરમાર તથા ગુ.રા. કિશાન મોરચાના મંત્રી શ્રી રાજભા ઝાલા



ગુજરાત પ્રદેશ ભાજપ ના ઉપાધ્યક્ષ શ્રી આઈ.કે. જાડેજા દૂધ સંઘના દૂધ દિવસ ઉજવણી કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ તેની સ્મૃતિ રૂપે તસ્વીર અર્પણ કરતાં દૂધ સંઘના ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ, તથા ડી.કો. ઓપ. બેંકના ચેરમેન શ્રી હરદેવસિંહ પરમાર તથા અન્ય આગેવાનો

રજી. નં. સે.દૂ.ઉ-૨૦૦૧ તા. ૨૪-૩-૧૯૭૫

# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## સુરસાગર ડેરી, વઢવાણ.

''ઠાકરધણી સુરસાગર ભવન''૨૪૯, જી.આઇ.ડી.સી., ફેઇઝ-૨, આંબાવાડી, વઢવાણ-૩૬૩ ૦૩૫.
જિ. સુરેન્દ્રનગર (ગુજરાત) ફોન : ૭૦૬૯૦ ૧૨૨૭૩ ટોલ ફ્રી નંબર : ૧૮૦૦ ૨૩૩ ૩૮૬૩ એ.એચ. : ૭૦૬૯૦ ૧૨૨૧૪
E-mail : admhead@sursagardairy.coop / info@sursagardairy.coop
Website : www.sursagardairy.com

# ૪૫ મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

આથી શ્રી સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વઢવાણ સંયોજીત દૂધ મંડળી સભાસદો અને વ્યકિત સભાસદોને જણાવવાનું કે દૂધ સંઘની ૪૫ મી વાર્ષિક સાધારણ સભા તા. ૩૧/૧૨/૨૦૨૦ ને ગુરૂવાર ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે, લીંબડી સમસ્ત ભરવાડ જ્ઞાતિની વાડી, નદી કાંઠે, રાણપુર રોડ, લીંબડી ખાતે રાખવામાં આવેલ છે તો સભાસદ મંડળીના ચેરમેનશ્રી તથા વ્યકિત સભાસદોને આ સભામાં સમયસર હાજર રહેવા વિનંતી છે.

## :: કાર્યસૂચિ ::

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી વંચાણે લઈ બહાલી આપવા બાબત.
૨. ચુંટણી નિયમો અનુસાર ચુંટાયેલા નિયામકોના નામો જાહેર કરવા બાબત
૩. સને ૨૦૧૯-૨૦ દરમ્યાન અંદાજ કરતા વધુ થયેલ ખર્ચને મંજુર કરી બહાલી આપવા બાબત.
૪. સને ૨૦૧૯-૨૦ ના હિસાબો મંજુર કરવા બાબત.
૫. સને ૨૦૧૯-૨૦ ના નફાની પેટાનિયમ ફાળવણી મંજુર કરવા બાબત.
૬. સને ૨૦૧૯-૨૦ ના હિસાબ તપાસણીના ઓડીટ રિપોર્ટ તથા દુરસ્તી રિપોર્ટ બાબત.
૭. સને ૨૦૨૦-૨૧ નું અંદાજ પત્ર મંજુર કરવા બાબત.
૮. સંઘના પેટા નિયમોની મર્યાદામાં રહીને બહારનું કર્જ લેવાની મર્યાદા નક્કી કરવા બાબત.
૯. આંતરીક અને સહકારી મંડળીના કાયદા અનુસાર કાયદાકીય ઓડીટરશ્રીની નિમણુંક કરવી તથા મહેનતાણુ નક્કી કરવા બાબત.
૧૦. સરકારશ્રી તરફથી તથા ફેડરેશન તરફથી આવેલ પત્રો ઉપર ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવા બાબત.
૧૧. સને ૨૦૧૯-૨૦ દરમ્યાન નિયામક મંડળે કરેલ કાર્યવાહી વંચાણે લઈ બહાલ રાખવા બાબત.
૧૨. પેટાનિયમ સુધારાને બહાલી આપવા બાબત.
૧૩. પ્રમુખશ્રી અથવા તેમની મંજુરીથી બીજુ જે કંઈ રજુ કરવામાં આવે તે.

(ગુરદિત પ્યારાસિંઘ)
મેનેજીંગ ડીરેકટર
નિયામક મંડળના આદેશથી

મુ. : સુરેન્દ્રનગર
તા. : ૧૬/૧૨/૨૦૨૦

નોંધ :

૧. કોરમના અભાવે મુલત્વી રહેલ સભા તે જ દિવસે અડધા કલાક બાદ હાજર રહેલ સભ્યોનું કોરમ ગણી સભાની કાર્યસૂચિના કામોનો નિકાલ કરશે, જે કાયદેસર ગણાશે. જે સભ્યશ્રીઓને માન્ય રહેશે.

૨. આ સભામાં મંડળીના પ્રતિનિધિ તરીકે ફક્ત મંડળીના ચેરમેનશ્રી જ હાજરી આપી શકશે અને હાજરી આપવા અંગેનો ઠરાવ નમૂના મુજબ તા. ૨૬/૧૨/૨૦૨૦ સુધીમાં મળી જાય તે રીતે સંઘની ઓફિસે ફરજિયાત મોકલી આપવાનો રહેશે.

૩. હિસાબો અંગે સભાસદોને જો કોઈ માહિતી જોઈતી હોય તો તેમણે તા. ૨૩/૧૨/૨૦૨૦ પહેલા લેખિત ખબર આપી રૂબરૂ સમજી જવા વિનંતી છે.

૪. કોવિડ-૧૯ (કોરોના) ની વૈશ્વિક મહામારીને ઘ્યાને લઈ સરકારશ્રીના પ્રવર્તમાન બંધનો, નિયમો, સુચનાઓ, માર્ગદર્શિકાઓ અને નિયંત્રણોનું ફરજીયાત પાલન કરવાનું રહેશે.

# નિયામક મંડળ : ૨૦૧૯-૨૦



**શ્રી બાબાભાઈ એસ. ભરવાડ**
**અધ્યક્ષશ્રી**
પ્રમુખ- લીંબડી દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. લીંબડી  તા. લીંબડી



**શ્રી અલ્પેશભાઈ બી. સામંડ**
**ઉપાધ્યક્ષશ્રી**
પ્રમુખ- ચોટીલા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ચોટીલા  તા. ચોટીલા



**શ્રી મંગળસિંહ પરમાર**
**સભ્યશ્રી**
પ્રમુખ- શિવશકિત દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ટીકર (પર)  તા. મુળી



**શ્રી ગભરૂભાઈ હણ**
**સભ્યશ્રી**
પ્રમુખ- નાનામાત્રા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. નાનામાત્રા  તા. વીંછીયા



**શ્રી નરેશભાઈ મારૂ**
**સભ્યશ્રી**
પ્રમુખ- મોજીદડ દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. મોજીદડ  તા. ચુડા



**શ્રી છેલાભાઈ ભરવાડ**
**સભ્યશ્રી**
પ્રમુખ- રામ બાવળી દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. બાવળી  તા. ધ્રાંગધ્રા



**શ્રી વાલાભાઈ ભરવાડ**
**સભ્યશ્રી**
પ્રમુખ- બામણવા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. બામણવા  તા. દસાડા



**શ્રી વેલશીભાઈ પઢાર**
**સભ્યશ્રી**
પ્રમુખ- હીંગળાજ દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. નાની કઠેચી  તા. લીંબડી



**શ્રી છગનભાઈ મુંધવા**
**સભ્યશ્રી**
પ્રમુખ- કારીયાણી દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. કારીયાણી  તા. વઢવાણ



**શ્રી બાબુભાઈ કારેલીયા**
**સભ્યશ્રી**
પ્રમુખ- ખાખરાથળ દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. ખાખરાથળ  તા. થાનગઢ

# નિયામક મંડળ : ૨૦૧૯-૨૦



**શ્રીમતિ લક્ષ્મીબેન અલગોતર**
સભ્યશ્રી
પ્રમુખ- વહાણવટી મ. દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. થાનગઢ તા. થાનગઢ



**શ્રીમતિ શંકુબેન ખટાણા**
સભ્યશ્રી
પ્રમુખ- ગોપી મહિલા દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. પાટડી તા. દસાડા



**શ્રીમતિ વર્ષાબા ઝાલા**
સભ્યશ્રી
પ્રમુખ- બજરંગપુરા મ. દૂધ ઉત્પા. સહ. મંડળી લી.
મુ. બજરંગપુરા તા. લખતર



**શ્રી આર. એ. મકવાણા**
જિલ્લા રજીસ્ટ્રાર(સ.મ.), સભ્યશ્રી
પ્રતિનિધિ-રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (ગુ.રા)
ગાંધીનગર



**શ્રી ધીરજકુમાર જે. ચૌધરી**
સભ્યશ્રી
પ્રતિનિધિ-ગુજરાત કો-ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડ. લી.
આણંદ



**શ્રી ગુરદિતસિંહ**
મેનેજીંગ ડીરેક્ટર
સુરસાગર ડેરી, વઢવાણ

## :: ઓડીટર્સ ::

**વિનીલ ટી. પટેલ**
ચાર્ટડ એકાઉન્ટન્ટ વતી,
સ્ટેટ્યુટરી ઓડીટર
વિનીલ પટેલ
(પેનલ નં. ૨૧૩)

**શ્રી સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક)**
મિલ્ક ઓડીટ ઓફીસ,
સુરેન્દ્રનગર

## બેંકર્સ

| | | |
|---|---|---|
| ૧) | એચ.ડી.એફ.સી. બેંક | - સુરેન્દ્રનગર |
| ૨) | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા | - સુરેન્દ્રનગર |
| ૩) | આઈસીઆઈસીઆઈ બેંક | - સુરેન્દ્રનગર |
| ૪) | સુરેન્દ્રનગર ડી.કો-ઓપ.બેંક લી. | - સુરેન્દ્રનગર |
| ૫) | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા | - સુરેન્દ્રનગર |
| ૬) | સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક | - સુરેન્દ્રનગર |
| ૭) | રાજકોટ નાગરીક બેંક | - સુરેન્દ્રનગર |
| ૮) | RBL બેંક | - રાજકોટ |

## આટલું કરીએ, કોરોનાને ભગાડીએ

- માસ્ક પહેરીએ, સ્વસ્થ રહીએ, સલામત રહીએ.
- સામાજીક અંતર જાળવીએ.
- બિનજરૂરી બહાર ન નીકળીએ.
- શરદી-ખાંસી કે તાવના લક્ષણો જણાય તો તુરંત જ મેડીકલ ચેક અપ કરાવીએ.



ગુજરાત રાજયના સહકાર મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ સાહેબની શુભેચ્છા મુલાકાત લેતા દૂધ સંઘના ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ, ગુ.રા. ના માજી મંત્રી શ્રી કિરીટસિંહ રાણા સાહેબ તથા જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી જગદિશભાઈ મકવાણા



દૂધ સંઘના ચેરમેન તરીકે શ્રી બાબાભાઈ ભરવાડ તથા વાઈસ ચેરમેન તરીકે શ્રી અલ્પેશભાઈ સામંડ નો ચુંટણીમાં વિજય થતા શુભેચ્છા અર્પણ કરતા જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ શ્રી મનહરસિંહ રાણા તથા જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી જગદિશભાઈ મકવાણા તથા અન્ય ભાજપ કાર્યકર્તાઓ




દૂધ સંઘની ૪૪ મી વાર્ષિક સાધારણ સભામાં અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ શ્રી મહેન્દ્રસિંહ જાડેજા (ભાણુભા) નું બંડી, પાઘડી તથા લાકડી અર્પણ કરી સ્વાગત કરતા દૂધ સંઘના ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ, પૂર્વ વાઈસ ચેરમેન શ્રી સુરાભાઈ રબારી, ડાયરેકટરશ્રી મંગળસિંહ પરમાર, પૂર્વ ડાયરેકટર શ્રી ધીરૂભાઈ દેગામા તથા લીંબડી તાલુકા ભાજપ ઉપપ્રમુખ શ્રી કરશનભાઈ અલગોતર

## અધ્યક્ષશ્રીનું નિવેદન :-



**શ્રી બાબાભાઈ એસ. ભરવાડ**
**અધ્યક્ષશ્રી**

### વ્હાલા, દૂધ ઉત્પાદક ભાઈઓ તથા બહેનો.

આપણા સુરસાગર પરિવારની તમામ દૂધ મંડળીઓના પ્રમુખશ્રીઓ, ઉપ–પ્રમુખશ્રીઓ, વ્ય.કમિટીના સભ્યશ્રીઓ, મંત્રીશ્રીઓ તથા સૌ દૂધ ઉત્પાદક ભાઈઓ તથા બહેનોનું દૂધ સંઘની ૪૫મી વાર્ષિક સાધારણ સભામાં હૃદય પૂર્વક સ્વાગત કરૂં છું અને નિયામક મંડળે ભલામણ કરેલ તેમજ દૂધ સંઘના નિમાયેલ ઓડિટરશ્રી દ્વારા પ્રમાણિત કરેલા વર્ષ ૨૦૧૯–૨૦ ના સંઘના હિસાબો તથા દૂધ સંઘના કામકાજ અને પ્રવૃતિઓનો અહેવાલ રજુ કરતાં ગૌરવ અને હર્ષની લાગણી અનુભવું છું.

મને જણાવતા આનંદ થાય છે કે હળવદ તાલુકાનો મોરબી જિલ્લામાં સમાવેશ થતાં અહેવાલના વર્ષ દરમ્યાન દૂધ સંપાદનની કામગીરી માટે હળવદ તાલુકાની ૮૦ દૂધ મંડળીઓ મોરબી જિ. મહિલા સ.દૂધ ઉ.સંઘ લી., મયુર ડેરીને હસ્તાંતરીત કરવામાં આવેલ છે. અહેવાલના વર્ષ દરમ્યાન તા. ૩૦/૦૩/૨૦૨૦ ના રોજ એક દિવસનું મહત્તમ ૬૩૯૩૧૧ કિલો દૂધ સંપાદન કરેલ છે. તેમજ દૂધ સંઘનું સરેરાશ દૂધ સંપાદન દૈનિક ૪૯૨૩૨૯ કિલો રહેવા પામેલ છે. દૂધ સંઘના સંપાદનમાં વર્ષો વર્ષ થઈ રહેલ વધારોએ આપણી દૂધ સહકારી પ્રવૃતિમાં દૂધ ઉત્પાદકો દ્વારા મુકવામાં આવેલ વિશ્વાસનું પરીણામ છે. જેના થકી સભાસદોની આર્થિક સધ્ધરતામાં વધારો થશે તેમજ ગામડાના જીવન ધોરણમાં આમૂલ પરિવર્તન લાવવામાં સહભાગી થશે.

આપ સૌના સાથ અને સહકારથી કરકસર યુકત વહીવટ દ્વારા અહેવાલના વર્ષ દરમ્યાન પ્રતિ કિલો ફેટના સરેરાશ રૂા. ૭૫૫/– નો પોષણક્ષમ ભાવ દૂધ ઉત્પાદક ગ્રાહકોને ચુકવી વિકાસના સોપાનો સર કરવા કૂચ જારી રાખેલ છે.

### : સંઘ સભાસદ :

હિસાબી વર્ષના અંતે દૂધ સંઘ સાથે સંયોજીત પ્રાથમિક દૂધ સહકારી મંડળીઓની સંખ્યા ૬૫૬ તથા વ્યકિત સભ્યોની સંખ્યા ૩ મળી કુલ સભાસદ સંખ્યા ૬૫૯ છે.

### : નિયામક મંડળ :

દૂધ સંઘના નિયામક મંડળના સભ્ય પદે હાલ ચુંટાયેલ સભ્યોની સંખ્યા ૧૩ (૧૦ તાલુકાના ૧૦ સભ્યો + ૨ મહિલા અનામત + ૧ આદિમ જૂથ અનામત) તા. ૩૧/૦૭/૨૦૧૯ થી ૫ (પાંચ) વર્ષની મુદત માટે કાર્યરત છે.

## : અન્વેષણ :

સતત અને સમવાયી ઓડીટ યોજના હેઠળ દૂધ સંઘ અને દૂધ સહકારી મંડળીઓના ઓડીટની કામગીરી રાજય સરકારે સ્થાપેલા ઓડીટ બોર્ડ દ્વારા કાર્યરત છે. દૂધ સંઘનું નાણાંકીય ઓડીટશ્રી વિનિલ પટેલ, ચાર્ટડ એકાઉન્ટન્ટ, પાલનપુર દ્વારા કરવામાં આવેલ છે.

## : દૂધ સંઘનો વ્યાપાર અને નાણાંકીય સ્થિતિ :

હિસાબી વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન દૂધ સંઘનો કુલ વેપારી ઉથલો (ટર્ન ઓવર) રૂા. ૯૩૯ કરોડ નોંધાયેલ છે જે વર્ષ ૨૦૧૮–૧૯ કરતાં રૂા. ૫ કરોડ એટલે કે ૦.૫૩% વધારે છે. રૂા. ૧૦૬૫ લાખના ઘસારાની જોગવાઈ કર્યા બાદ હિસાબી વર્ષના અંતે રૂ. ૪૧૧.૫૯ લાખનો ચોખ્ખો નફો કરેલ છે. જે ગત વર્ષની સરખામણીએ રૂા. ૩૭.૫૯ લાખ એટલે કે ૯.૧૩% વધારે છે. હળવદ તાલુકાની ૮૦ દૂધ મંડળીઓ મોરબી જિલ્લામાં હસ્તાંતરીત કર્યા બાદ પણ ઉપર મુજબ ટર્ન ઓવર તથા ચોખ્ખા નફામાં જે વધારો થયેલ છે. તે ખૂબ જ અગત્યની બાબત છે. નિયામક મંડળ દ્વારા સભાસદ દૂધ મંડળીઓને સહકારી કાયદાની જોગવાઈની મર્યાદા મુજબ ૧૫% ડિવિડન્ડ આપવાનું નક્કી કરેલ છે.

## : દૂધ સહકારી મંડળીઓ :

વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન કુલ ૬૭૯ દૂધ સહકારી મંડળીઓ (૬૫૯ રજીસ્ટર + ૨૦ સુચિત) તથા ૬૪ દૂધ ખરીદ કેન્દ્રો દ્વારા દૂધ સંપાદન કરી દૂધ સંઘને પુરૂ પાડેલ છે. વર્ષાન્તે કુલ ૬૭૦ દૂધ સહકારી મંડળીઓ (૬૫૧ રજીસ્ટર મંડળીઓ + ૧૯ સુચિત મંડળીઓ) તથા ૬૪ દૂધ ખરીદ કેન્દ્રો કાર્યરત છે.









ખેતી અને પશુપાલન બન્ને એકબીજાના પુરક વ્યવસાય છે. મહિલાઓ દ્વારા પશુપાલન વ્યવસાયને વેગ આપી કુટુંબની આવકમાં વૃધ્ધિ કરી કુટુંબને સામાજીક અને આર્થિક સધ્ધરતા અપાવવામાં સહભાગી બનેલ છે. હિસાબી વર્ષના અંતે કુલ ૧૪૮ મહિલા મંડળીઓ કાર્યરત છે. દૂધ મંડળીમાં દૂધ ભરાવતા ગ્રાહકોની કુલ સંખ્યા ૧,૨૬,૨૦૦ છે. દૂધ મંડળીઓના કુલ સભાસદોની સંખ્યા ૯૨૧૯૨ છે. તે પૈકી ૬૫૭૩૬ પુરૂષ સભાસદો તથા ૨૬૪૫૬ મહિલા સભાસદો છે.

## : દૂધ સંપાદન તથા દૂધના ભાવ :

હિસાબી વર્ષ દરમ્યાન આપણા દૂધ સંઘ દ્વારા એક દિવસનું મહત્તમ ૬.૩૯ લાખ કિલો દૂધ સંપાદન કરેલ છે. વર્ષ દરમ્યાન સરેરાશ દૈનિક ૪.૯૨ લાખ કિલો દૂધ સંપાદન કરવામાં આવેલ છે.









દૂધ ઉત્પાદકોને દૂધના પોષણક્ષમ ભાવ મળે તો જ દૂધના વ્યવસાયમાં ટકી રહે અને તે માટે મારા તથા મારા સાથી ડિરેકટર મિત્રોના સતત એવા પ્રયત્નો રહ્યા છે કે દૂધ ઉત્પાદકોને દૂધના વધુમાં વધુ ભાવ મળી રહે તે મુજબ હિસાબી વર્ષ દરમ્યાન સરેરાશ પ્રતિકિલો ફેટના રૂા. ૭૫૫/– નો ભાવ ચુકવવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૯–૨૦ના હિસાબી વર્ષ દરમ્યાન દૂધ ઉત્પાદકોને સરેરાશ પ્રતિ કિલો દૂધનો ભાવ રૂા. ૪૬.૧૩ પૈસા ચુકવવામાં આવેલ છે. જે ગત વર્ષે સરેરાશ પ્રતિ કિલોના રૂા. ૩૯.૭૭ પૈસા કરતાં પ્રતિ કિલોએ રૂા. ૬.૩૬ પૈસા વધારે એટલે કે ગત વર્ષની સરખામણી એ ૧૫.૯૯% વધારે ચુકવેલ છે.






## : દૂધ પ્રોકયોરમેન્ટ તથા તેના ભાવ વર્ષ ૨૦૧૯-૨૦ :

| | વિગત | ભેંસ | ગાય | કુલ |
|---|---|---|---|---|
| A | જથ્થો લીટરમાં | ૧૦૩૬૩૨૩૬૪ | ૭૧૩૧૧૫૮૭ | ૧૭૪૯૪૩૯૫૧ |
| B | જથ્થો કિલોમાં | ૧૦૬૭૪૧૩૩૫ | ૭૩૪૫૦૯૩૫ | ૧૮૦૧૯૨૨૭૦ |
| C | કિલો ફેટ | ૭૫૫૫૨૯૯ | ૩૧૩૨૩૮૬ | ૧૦૬૮૭૬૮૫ |
| D | કિલો એસએનએફ | ૯૬૦૨૨૪૮ | ૬૨૩૪૫૬૮ | ૧૫૮૩૬૮૧૬ |
| E = C / B | સરેરાશ ફેટ ટકા | ૭.૦૮ | ૪.૨૬ | ૫.૯૩ |
| F = C / B | સરેરાશ એસએનએફ ટકા | ૯.૦૦ | ૮.૪૯ | ૮.૭૯ |
| G | ખરીદ કિંમત રૂપિયા | ૪૯૬૦૦૪૪૪૩૦ | ૨૨૨૨૪૮૮૬૫૨ | ૭૧૮૨૫૩૩૦૮૨ |
| H | ભાવ તફાવતની રકમ રૂપિયા | ૬૧૬૯૨૩૬૧૫ | ૨૭૦૨૯૭૬૫૮ | ૮૮૭૨૨૧૨૭૩ |
| I = G+H | નેટ ખરીદ કિંમત રૂપિયા | ૫૫૭૬૯૬૮૦૪૫ | ૨૪૯૨૭૮૬૩૧૦ | ૮૦૬૯૭૫૪૩૫૫ |
| J = I / C | પ્રતિ કિલો ફેટના સરેરાશ ભાવ રૂપિયા | ૭૩૮ | ૭૯૬ | ૭૫૫ |
| K | ૭% ફેટ મુજબ પ્રતિ લીટરનો ભાવ રૂપિયા | ૫૩.૨૨ | | |
| L | ૪% ફેટ મુજબ પ્રતિ લીટરનો ભાવ રૂપિયા | | ૩૨.૭૯ | |
| M | સરેરાશ ૧ લીટર દૂધનો ભાવ રૂપિયા | | | ૪૬.૧૩ |

## : રાખેલ દૂધ ભાવ :




હિસાબી વર્ષમાં જિલ્લાની દૂધ મંડળીઓને ૮૮.૭૨ કરોડ રૂપિયા રાખેલ દૂધ ભાવ (આખરી ભાવ) ચુકવવાનું નકકી કરવામાં આવેલ છે. જે પ્રતિકિલો ફેટ રૂા. ૮૨.૫૮ પૈસા મુજબ ચુકવવામાં આવશે. તે પૈકી પ્રતિ કિલો ફેટ દીઠ રૂપિયા ૭૫.૭૭ પૈસા રોકડના રૂપમાં તથા ૬.૮૧ પૈસા શેરના રૂપમાં ચુકવવામાં આવનાર છે.

આમ એકંદરે વર્ષ ૨૦૧૮-૧૯ માં ચુકવેલ પ્રતિ કિલો ફેટના રાખેલ દૂધ ભાવ રૂા. ૬૫.૬૭ પૈસા કરતાં હિસાબી વર્ષે પ્રતિ કિલો ફેટ દીઠ રૂા. ૧૬.૯૧ પૈસા રાખેલ દૂધ ભાવ વધારે ચુકવેલ છે જે ગયા વર્ષે ચુકવેલ ભાવની સરખામણી એ ૨૫.૭૫ ટકા વધારે છે.



## : મુખ્ય ખર્ચાઓ :

દૂધની ખરીદ કિંમત સિવાય પ્રતિ કિલો દીઠ હેન્ડલીંગ ખર્ચ રૂા. ૩.૮૩ પૈસા છે જેની વિગત નીચે મુજબ છે.




## : વેચાણ (માર્કેટીંગ) :

સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., સુરસાગર ડેરી દ્વારા જે દૂધ સંપાદન કરવામાં આવે છે તેમાંથી લોકલ જરૂરીયાત મુજબનું માર્કેટીંગ કરી બાકી વધતો દૂધનો જથ્થો અમૂલ ફેડ. ડેરી તેમજ અન્ય જિલ્લાની ડેરીઓને જરૂરીયાત મુજબ વેચાણ કરવામાં આવે છે. હિસાબી વર્ષ દરમ્યાન દૂધ તથા દૂધની બનાવટોનું નીચે મુજબ વેચાણ કરવામાં આવેલ છે.

## દૂધનું વેચાણ :

| | | | |
|---|---|---|---|
| ૧. | **દૂધનું વેચાણ** | | |
| ૧.૧ | સ્થાનિક માર્કેટમાં વેચાણ | ૪૦૬૦૩૭૬૦ | લીટર |
| ૧.૨ | દૂધ સંજીવની યોજનામાં વેચાણ | ૧૦૬૭૯૩૩ | લીટર |
| ૧.૩ | મુંબઈમાં વેચાણ | ૧૨૫૦૭૮૧૬ | લીટર |
| ૧.૪ | આર.સી.એમ. અમૂલ ફેડ. ડેરીમાં વેચાણ | ૧૨૩૨૦૨૯૫૧ | લીટર |
| ૧.૫ | આર.સી.એમ. અન્ય ડેરીમાં વેચાણ | ૨૨૨૬૬૧૨ | લીટર |
| ૧.૬ | સ્ટાન્ડર્ડ મિલ્ક વલસાડમાં વેચાણ | ૧૬૫૦૭૨ | લીટર |
| ૨ | અમૂલ છાશ વેચાણ | ૧૧૮૩૧૧૦૫ | લીટર |
| ૩ | મસ્તી દહીં વેચાણ | ૬૯૩૪૩૯ | લીટર |
| ૪ | લાઈટ દહીં વેચાણ | ૨૫૭૬૫૦ | લીટર |
| ૫ | અમૂલ ઘી વેચાણ | ૨૬૭૩૮૦ | લીટર |
| ૬ | સુરસાગર ઘી વેચાણ | ૨૦૧૯૭ | લીટર |

સ્થાનિક માર્કેટમાં દૈનિક સરેરાશ ૧.૮૩ લાખ લીટર દૂધ તથા દૂધની બનાવટોનું વેચાણ કરવામાં આવે છે. સાબર ડેરી માંથી ૧૦૯૨૪૯૭૧ લીટર સ્કીમ્ડ મિલ્ક જરૂરીયાત મુજબ ખરીદ કરવામાં આવેલ છે.

## : દૂધ સંજીવની યોજના :

ગુજરાત સરકારશ્રીના મધ્યાંહ્ન ભોજન તથા આઈ.સી.ડી.એસ. વિભાગો દ્વારા જિલ્લાના ૬ તાલુકાની પ્રાથમિક શાળાઓ અને આંગણવાડીના બાળકોને તેમજ ૬ પૈકી ૩ તાલુકાની ધાત્રી માતાઓ તથા સગર્ભા સ્ત્રીઓને પોષણક્ષમ આહાર મળી રહે તેવા હેતુથી દૂધ સંજીવની યોજના અંતર્ગત ૨૦૦ એમ.એલ. ના પાઉચમાં ફલેવર્ડ મિલ્કનું વિતરણ કરવામાં આવે છે.

જેની વિગત નીચે દર્શાવેલ છે.

| અ. નં. | વિગત | વિતરણ કરેલ ૨૦૦ એમ.એલના પાઉચની સંખ્યા | વિતરણ કરેલ દૂધની કિંમત રૂપિયા | ટ્રાન્સપોર્ટ ખર્ચ રૂપિયા | કુલ ખર્ચ રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧. | મધ્યાંહ્ન ભોજન – ચોટીલા | ૧૮૮૮૯૮૦ | ૧૬૫૨૯૬૮૮ | ૨૫૬૮૩૦૫ | ૧૯૦૯૭૯૯૩ |
| ૨. | મધ્યાંહ્ન ભોજન – સાયલા | ૨૨૫૨૪૩૦ | ૧૯૬૨૩૯૯૬ | ૩૧૯૦૭૧૯ | ૨૨૮૧૪૭૧૫ |
| ૩. | મધ્યાંહ્ન ભોજન – થાનગઢ | ૧૩૦૪૦૪૦ | ૧૧૩૭૯૬૧૪ | ૧૮૪૨૬૯૨ | ૧૩૨૨૨૩૦૬ |
| ૪. | મધ્યાંહ્ન ભોજન – દસાડા | ૨૦૬૦૭૦૦ | ૧૭૯૮૪૪૩૪ | ૪૨૩૯૩૧૮ | ૨૨૨૨૩૭૫૨ |
| ૫. | મધ્યાંહ્ન ભોજન – ધ્રાંગધ્રા | ૨૬૪૪૬૨૦ | ૨૩૦૯૪૭૯૨ | ૩૭૪૮૯૧૪ | ૨૬૮૪૩૭૦૬ |
| ૬. | મધ્યાંહ્ન ભોજન – લખતર | ૯૪૮૧૨૦ | ૮૨૭૬૫૮૭ | ૧૩૭૨૧૮૨ | ૯૬૪૮૭૬૯ |
| ૭. | પ્રોગ્રામ ઓફિસર આઈ.સી.ડી.એસ. બ્રાન્ચ | ૨૩૧૯૨૯૩ | ૨૦૨૨૮૮૪૩ | ૩૭૫૭૭૭૪ | ૨૩૯૮૬૬૧૭ |
| | કુલ સરવાળો... | ૧૩૪૧૮૧૮૩ | ૧૧૭૧૧૭૯૫૪ | ૨૦૭૧૯૯૦૪ | ૧૩૭૮૩૭૮૫૮ |

ઉપરોકત યોજનાનો તમામ ખર્ચ ગુજરાત સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવે છે.

## : બલ્ક મિલ્ક કૂલર :

દૂધ અને દૂધની બનાવટો ગુણવત્તાયુકત બને તે માટે સારી ગુણવત્તાનું દૂધ સંપાદન કરવું જરૂરી છે. તે માટે મંડળી લેવલે દૂધ દોહયા પછી તરત જ ટુંકા સમયમાં ઠંડુ કરવામાં આવે તો દૂધમાં થતો બેકટેરીયા ગ્રોથ અટકી જાય છે અને સારી ગુણવત્તાનું દૂધ મળી રહે છે. આ માટે દૂધ સંઘ દ્વારા મંડળીઓ ઉપર બલ્ક મિલ્ક કૂલર શરૂ કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર તથા રાજય સરકારની સહાય તથા મંડળીઓએ પોતાના સ્વખર્ચે શરૂ કરેલ બીએમસી મળી કુલ ૧૮૧ બીએમસી સ્થાપવામાં આવેલ છે. અને તમામ બીએમસી કલસ્ટરમાં ચલાવવામાં આવે છે. સંઘમાં જે દૂધ સંપાદન થાય છે તે પૈકી ૯૩.૫૩ ટકા દૂધ કલસ્ટર બીએમસી મારફત તથા ૬.૪૭ ટકા કેન રીસીવીંગ મારફત સંપાદન કરવામાં આવે છે. મંડળીઓ ઉપર ઈન્સ્ટોલ કરવામાં આવેલ બીએમસીની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | બીએમસીની ક્ષમતા લીટર | બીએમસીની સંખ્યા |
|---|---|---|
| ૧. | ૫૦૦૦ લીટર | ૧૧૫ |
| ૨. | ૪૦૦૦ લીટર | ૦૧ |
| ૩. | ૩૦૦૦ લીટર | ૩૨ |
| ૪. | ૨૦૦૦ લીટર | ૩૩ |
| | કુલ ... | ૧૮૧ |



## : અમૂલ દાણ :

દૂધનું ઉત્પાદન વધારવા તથા પશુનું આરોગ્ય જળવાઈ રહે તે માટે પશુઓને સમતોલ આહાર આપવો જરૂરી છે. આપણા જિલ્લાના મોટા ભાગના દૂધ ઉત્પાદકો કપાસ ખોળ, ગવાર ભરડો, મકાઈનું ભુંસુ જેવા બજારૂ હલકી ગુણવત્તાયુકત પશુ આહાર તેમના પશુઓને ખવડાવે છે. જેના કારણે પશુઓના આરોગ્યના તથા નિયમિત ગરમીમાં નહી આવવાના તથા સમયસર ગાભણ નહી થવાના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જેના કારણે પશુપાલકોને મોટુ આર્થિક નુકશાન ભોગવવુ પડતુ હોય છે. જિલ્લાના પશુપાલકો તેમના પશુઓને સમતોલ આહાર તરીકે અમૂલ પાવર દાણ ખવડાવતા થાય તે માટે દૂધ સંઘ દ્વારા હિસાબી વર્ષમાં અમૂલ પાવર દાણમાં કુલ ૭.૫૬ કરોડ રૂપિયાની સબસીડી આપવામાં આવેલ છે. પરિણામે દાણનું વેચાણ વધી ૧૭૮૬૮ ટન થયેલ છે જેની માસવાર વેચાણની માહિતી નીચે મુજબ છે.

| માસ :- | એપ્રિલ ૨૦૧૯ | મે ૨૦૧૯ | જુન ૨૦૧૯ | જુલાઈ ૨૦૧૯ | ઓગષ્ટ ૨૦૧૯ | સપ્ટેમ્બર ૨૦૧૯ | ઓકટો. ૨૦૧૯ | નવેમ્બર ૨૦૧૯ | ડિસેમ્બર ૨૦૧૯ | જાન્યુ. ૨૦૨૦ | ફેબ્રુ. ૨૦૨૦ | માર્ચ ૨૦૨૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દાણ વેચાણ ટનમાં | ૯૩૧ | ૧૧૦૦ | ૧૨૨૧ | ૧૬૦૬ | ૨૧૮૪ | ૨૬૨૯ | ૩૪૪૩.૫ | ૧૬૩૦ | ૭૬૯ | ૮૩૩ | ૮૫૨ | ૬૬૯.૫ | ૧૭૮૬૮ |

૪૭૦ મે. ટન બફેલો દાણ તથા ૮૩૭ કીલો મીનરલ મીક્ષ્ચર પાવડરનું વેચાણ કરવામાં આવેલ છે.

દાણના વેચાણમાં આપવામાં આવતી સબસીડી બંધ કર્યા પછી દાણના વેચાણમાં પુનઃ ઘટાડો થયેલ છે જે ખરેખર દુઃખની વાત છે. મારા પશુપાલકોને મારી નમ્ર વિનંતી છે કે આપના પશુના સ્વાસ્થ્ય માટે અને લાંબાગાળાના આપના આર્થિક હિત માટે આપના પશુઓને નિયમિત અમૂલ પાવર દાણ ખવડાવવાનો આગ્રહ રાખો.

## : પશુ સ્વાસ્થ્ય અને સંવર્ધન :

દૂધના ધંધાને નફાકારક બનાવવા માટે પશુનું સ્વાસ્થ્ય સારૂ જળવાય તથા સમયસર ગરમીમાં આવી ગાભણ થાય અને બે વિયાણ વચ્ચેનો સમયગાળો ઘટે તે ખૂબ જ જરૂરી છે. જેના માટે દૂધ સંઘના એ.એચ. વિભાગ દ્વારા પશુપાલનને લગતી જુદી જુદી પ્રવૃતિઓ મારફત સઘન પ્રયત્નો કરવામાં આવે છે.



## : પશુ સારવાર :

જિલ્લાના કોઈપણ પશુપાલકનું જાનવર બિમાર પડે ત્યારે પશુપાલક પોતાની સંલગ્ન મંડળી મારફત ડેરીના ટોલ ફ્રી નંબર ઉપર સ્પેશ્યલ વિઝીટ નોંધાવે છે ત્યારબાદ ડેરીના પશુ ચિકીત્સક દ્વારા જે તે મંડળીની મુલાકાત લઈ બિમાર પશુની સારવાર કરવામાં આવે છે. હિસાબી વર્ષમાં કુલ ૨૪૬૮૭ પશુઓની સારવાર સ્પેશ્યલ વિઝીટ મારફત કરવામાં આવેલ છે. પ્રતિ માસ પ્રતિ પશુ ચિકીત્સક ૨૧૧ પશુઓની સારવાર સ્પેશ્યલ વિઝીટ અંતર્ગત કરવામાં આવેલ છે.

## : વ્યંધત્વ નિવારણ કેમ્પ (એફઆઈપી) :

કેટલાક પશુઓ પુખ્ત ઉંમરના થવા છતાં કે વિઆયા પછી ત્રણ થી ચાર માસ પછી પણ ગરમીમાં આવતા નથી. આવા પશુઓનો ડ્રાય પીરીયડ લંબાવવાના કારણે પશુપાલકને નુકશાન થાય છે. આવા પશુઓની સારવાર માટે દૂધ સંઘ દ્વારા વ્યંધત્વ નિવારણ કેમ્પ (એફઆઈપી) નું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦ માં કુલ ૩૭ દૂધ મંડળી ઉપર પશુ વ્યંધત્વ નિવારણ કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં ૧૧૨૮ પશુઓની સારવાર કરવામાં આવેલ તે પૈકી ૧૪૨ પશુઓ ગાભણ થયેલછે.




## : કૃત્રિમ બીજદાન :

દૂધનું ઉત્પાદન વધારવા માટે સારી ઓલાદના પશુઓ હોવા જરૂરી છે. ચીલા ચાલુ પધ્ધતિ દ્વારા પશુઓને ફેળવવામાં નર પશુના ઈતિહાસ અંગેની કોઈ જ માહિતી હોતી નથી. આથી પેઢી દર પેઢી પશુના દૂધ ઉત્પાદનમાં ક્રમશઃ ઘટાડો થતો જાય છે અને દૂધનું ઉત્પાદન ખર્ચ વધતુ જાય છે. આથી ઉત્તમ ઓલાદના નર પશુના સીમેન ડોઝ દ્વારા કૃત્રિમ બીજદાનથી પશુઓને ફેળવવામાં આવે તો સારી ઓલાદના પશુઓનું સંવર્ધન થઈ શકે છે. હિસાબી વર્ષ દરમ્યાન કુલ ૫૩ કૃત્રિમ બીજદાન કેન્દ્રો દ્વારા ૧૩૪૬૭ પશુઓને કૃત્રિમ બીજદાન દ્વારા ફેળવેલ છે. આપણા જિલ્લામાં કૃત્રિમ બીજદાનથી ગાભણ થવાનો દર ૫૨ ટકા છે.





## : રસીકરણ :

પશુઓમાં ગળસુંઢા, ખરવા મોવાસા જેવા રોગ થતા હોય છે. આ એક ચેપી રોગ છે જે એક પશુમાંથી બીજા પશુમાં ફેલાય છે. જે પશુને આ રોગ લાગુ થાય તે પશુ દુઝણું હોય તો તેના દૂધના પુરવઠામાં ઘટાડો થાય છે. ગાભણ હોય તે તરવાઈ જવાની શકયતા રહે છે. એક વખત રોગ ચાલુ થયા પછી તેની કોઈ જ દવા નથી. આથી આ રોગ પશુમાં લાગુ ન થાય તે માટે સલામતીના આગોતરા પગલાના ભાગ રૂપે પશુઓમાં જે તે રોગની રસી આપવામાં આવે છે.

૧. ગળસુંઠાની રસી વર્ષમાં એકવાર ચોમાસુ શરૂ થાય તે પહેલાં આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૯–૨૦ માં કુલ ૧૬૫૩૬ પશુઓને ગળસુંઠાની રસી આપવામાં આવેલ છે.

૨. ખરવા મોવાસાની રસી વર્ષમાં બે વખત આપવામાં આવે છે. પ્રથમ વખત જાન્યુઆરી–ફેબ્રુઆરી માસમાં તથા બીજી વખત સપ્ટેમ્બર–ઓકટોબર માસ દરમ્યાન રસી આપવામાં આવે છે. હિસાબી વર્ષમાં કુલ ૧૩૨૭૩૬ પશુઓને ખરવા–મોવાસાની રસી આપવામાં આવેલ છે.

## : પશુ રજીસ્ટ્રેશન :

સરકારશ્રીની ૧૦૦ ટકા સહાયથી ચાલતા પશુ રજીસ્ટ્રેશન કાર્યક્રમ અંતર્ગત ઈનાફ સોફટવેરમાં ૩૧૯૧૩ તથા અમૂલના સોફટવેરમાં ૨૩૪૪૯ મળી કુલ ૫૫૩૬૨ પશુઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે.

## :: પશુ સારવાર–પશુ ઓલાદ સુધારણા પ્રવૃતિની માહિતી દર્શાવતુ પત્રક ::

| અ.નં. | પ્રવૃતિની વિગત | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ | ૨૦૧૮–૧૯ | ૨૦૧૯–૨૦ |
|---|---|---|---|---|---|---|
| ૧. | પશુ સારવાર–સ્પેશ્યલ વિઝિટ | ૧૨૨૯૪ | ૨૧૨૫૦ | ૧૮૨૭૩ | ૨૧૪૨૧ | ૨૪૬૮૭ |
| ૨. | વ્યંધ્યત્વ નિવારણ કેમ્પ<br>સારવાર થયેલ પશુ | ૧૭૬<br>૧૩૪૦ | ૨૪૬<br>૨૨૩૨ | ૨૧૫<br>૫૫૭૨ | ૧૯૨<br>૩૬૮૦ | ૩૭<br>૧૧૨૮ |
| ૩. | કૃત્રિમ બીજદાન કેન્દ્ર<br>કૃત્રિમ બીજદાન સંખ્યા | ૭૯<br>૭૮૫૩ | ૮૩<br>૧૦૬૧૩ | ૮૩<br>૧૨૩૨૮ | ૫૪<br>૧૩૬૨૬ | ૫૩<br>૧૩૪૬૭ |
| ૪. | કૃમિ નિવારણ ડોઝ | ૫૮૪૫૦ | – | ૨૯૨૫૮ | ૫૦૩૭૫ | – |
| ૫. | ખરવા–મોવાસા<br>ગળસૂંઢો<br>થાઈલેરીયા<br>હડકવા | ૩૮૫૦૦<br>૨૨૪૦૦<br>–<br>– | ૪૦૨૭૦<br>૨૪૪૬૦<br>–<br>– | ૧૧૪૫૪૫<br>૨૭૨૯૮<br>–<br>– | ૧૬૭૧૨૧<br>૩૭૬૫૨<br>૧૩૮<br>૧૬૮ | ૧૩૨૭૩૬<br>૧૬૫૩૬<br>–<br>૬૮૪ |
| ૬. | પશુપાલક જાગૃતિ કાર્યક્રમ | ૯૨ | – | – | ૪૬ | ૩૧ |
| ૭. | પશુ ઓળખ અને રજીસ્ટ્રેશન | ૧૦૫૭૦ | ૧૬૧૫૧ | ૨૫૮૦૦ | ૩૧૯૧૩ | ૫૫૩૬૨ |

## : વૃક્ષારોપણ :

દર વર્ષે ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય પર્વને વૃક્ષારોપણદિન તરીકે ઉજવવામાં આવે છે. આપણા જીવન માં જન્મથી લઈ મરણ સુધી લાકડાનું ખૂબ જ મહત્વ છે જે આપણા જંગલોમાંથી પ્રાપ્ત થાય છે. લાકડા માટે જંગલોના આડેધડ કપાતના કારણે પર્યાવરણ ઉપર પ્રતિકુળ અસર થવા પામેલ છે. આથી પર્યાવરણને સંતુલિત કરવા જંગલ વિસ્તાર વધારવો જરૂરી છે. જેના માટે દર વર્ષે વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૯–૨૦ માં દૂધ સંઘ તથા તેની સંયોજીત મંડળીઓ દ્વારા ૩૭૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.

દૂધ સંઘ દ્વારા ૧૬૦૦ ચો.ફુટ વિસ્તારનું ૧ યુનિટ કૃત્રિમ જંગલ મિયાવાકી જાપાની પધ્ધતિથી બનાવવામાં આવેલ છે.



### : દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપવાની યોજના :

સ્વરોજગારીના ઉપાર્જનના હેતુથી રાજય સરકારશ્રીની સહાયથી ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપવાની યોજના વર્ષ ૨૦૧૮–૧૯ થી અમલમાં આવેલ છે. વર્ષ ૨૦૧૮–૧૯ માં આવેલ અરજીઓ પૈકી ૩૮ ડેરી ફાર્મ માટેની અરજીઓ મંજુર કરવામાં આવેલ તે પૈકી ૧૫ ડેરી ફાર્મને રૂા. ૩૭૬૪૫૫૦/– ની સહાય વર્ષ ૨૦૧૮–૧૯ માં ચુકવવામાં આવેલ બાકી ૨૩ ડેરી ફાર્મને રૂા. ૫૯૬૦૭૧૬.૧૧ પૈસાની સહાય વર્ષ ૨૦૧૯–૨૦માં ચુકવવામાં આવેલ છે. ઉપરોકત ૩૮ ડેરી ફાર્મ પૈકી ૧૯ ડેરી ફાર્મ ગીર ગાયના તથા ૧૯ ડેરી ફાર્મ શંકર ગાય તથા ભેંસના છે.

### : એમપીપી કાર્યક્રમ :

આ પ્રોજેકટ અંતર્ગત દૂધાળા પશુઓમાં થતા આઉના રોગની લેબોરેટરીમાં તપાસ સીએમટી પધ્ધતિથી કરવામાં આવે છે. આ નિદાન બે તબકકામાં થાય છે. (૧) દૂધ મંડળી ઉપર તથા (૨) ઘર આંગણે. ત્યારબાદ પશુઓની સારવાર ટીસીએસ પાઉડર વડે કરી તેનુ ફોલોઅપ લેવામાં આવે છે. હિસાબી વર્ષમાં આ કાર્યક્રમ અંતર્ગત ૬ (છ) દૂધ મંડળી ઉપર કામગીરી થયેલ છે.

## : દૂધ સંઘ દ્વારા સંચાલીત દૂધ મંડળીના સભાસદો/પશુપાલકો માટેની કલ્યાણકારી યોજનાઓ :

દૂધ મંડળીઓના સભાસદો / પશુપાલકોના હિતાર્થે દૂધ સંઘ દ્વારા વિવિધ યોજનાઓ દ્વારા કલ્યાણકારી પ્રવૃતિઓ કરવામાં આવે છે.

### :: જુથ વિમા યોજના ::

જીવનવિમા નિગમની જી.આઈ. યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ માં ૪૭૧ દૂધ મંડળીના ૩૨૩૧૬ દૂધ ઉત્પાદકોને વીમાનું સુરક્ષા કવચ પુરૂ પાડવામાં આવેલ છે. જેના પ્રિમીયમની કુલ રકમ રૂા. ૪૧,૯૪,૬૧૬.૮૦ પૈસા ના ૫૦ ટકા મુજબ સહાયના રૂા. ૨૦,૬૮,૨૨૪.૦૦ દૂધ સંઘ દ્વારા ચુકવવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન કુલ ૯૨ કલેઈમ થયેલ છે. તે પૈકી ૯૧ કલેઈમ મંજુર થયેલ છે. જેના વિમાની રકમ રૂા. ૩૬,૪૦,૦૦૦/- જે તે સભાસદ/ગ્રાહકના વારસદારને ચેક મારફત તેમના ખાતામાં ચુકવવામાં આવેલ છે. ૧ કલેઈમ પેન્ડીંગ છે જેની કાર્યવાહી ચાલુ છે.

### :: ગૃપ અકસ્માત વીમા યોજના ::

ધ ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કાં. મારફત દૂધ સંઘની મંડળીઓના ૧,૨૩,૦૦૦ જેટલા સભાસદો/ગ્રાહકોને ગૃપ અકસ્માત વીમા યોજના નીચે ઓકટોબર-૨૦૧૯ થી આવરી લેવામાં આવેલ છે. ઓકટોબર-૨૦૧૯ થી માર્ચ-૨૦૨૦ સુધીમાં કુલ ૫ કલેઈમ થયેલ છે. તે પૈકી ૨ કલેઈમ મંજુર થયેલ છે જેના કલેઈમની રકમ રૂા. ૨,૦૦,૦૦૦/- જે તે સભાસદ/ગ્રાહકના વારસદારના બેંક ખાતામાં જમા આપવામાં આવેલ છે. ૩ કલેઈમની કાર્યવાહી ચાલુ છે.

### :: સભાસદ મરણોતર સહાય યોજના ::

દૂધ સંઘ દ્વારા સભાસદ મરણોતર સહાય યોજના પોતાના સ્વભંડોળમાંથી ચલાવવામાં આવે છે જે મુજબ મૃતક સભાસદ ઓછામાં ઓછા બે વર્ષથી મંડળીના સભાસદ હોય અને તેમણે ચાલુ હિસાબી વર્ષ અથવા તેના અગાઉના હિસાબી વર્ષમાં ઓછામાં ઓછા ૯૦ દિવસ દૂધ ભરાવેલ હોય તેવા સભાસદના વારસદારને દૂધ સંઘ દ્વારા રૂા. ૪૦,૦૦૦/- સહાય ચુકવવામાં આવે છે. હિસાબી વર્ષ દરમ્યાન કુલ ૧૨૭ સભાસદોના મૃત્યુ થતાં તેમના વારસદારોને રૂા. ૫૦,૮૦,૦૦૦/- તેમના બેંક ખાતામાં ચુકવવામાં આવેલ છે.



સાયલા તાલુકાની શ્રી લીંબાળા દૂધ ઉત્પા. સહકારી મંડળી લી. મુ. લીંબાળા ના સભાસદ સ્વ. જેઠાભાઈ વિરાભાઈ જોગરાણા ના વારસદાર તેમના ધર્મપત્નિ કાશીબેન ને મરણોત્તર સહાયનો રૂા. ૪૦,૦૦૦/- નો ચેક અર્પણ કરતા દૂધ સંઘના ચેરમેન શ્રી બાબાભાઈ ભરવાડ

ધ્રાંગધ્રા તાલુકાની શ્રી કનકેશ્વર દૂધ ઉત્પા. સહકારી મંડળી લી. મુ. કનકેશ્વર ના સભાસદ સ્વ. માનસંગભાઈ ભીખાભાઈ ચિત્રા ના વારસદાર તેમના ધર્મપત્નિ સજજનબેન ને મરણોત્તર સહાયનો રૂા. ૪૦,૦૦૦/- નો ચેક અર્પણ કરતા દૂધ સંઘના ડીરેકટર શ્રી મંગળસિંહ પરમાર



## :: સભાસદ / પશુપાલક કલ્યાણકારી યોજનાનું પત્રક ::

| ક્રમ | યોજનાનું નામ | દૂધ મંડળીની સંખ્યા | લાભાર્થીની સંખ્યા | પ્રિમીયમની કુલ રકમ રૂપિયા | દૂધ સંઘે ભોગવેલ રકમ રૂપિયા | મંડળી પાસેથી કપાત કરેલ રકમ રૂપિયા | કુલ કલેઈમ | મંજુર થયેલ કલેઈમ | મંજુર થયેલ રકમ રૂપિયા | પેન્ડીંગ કલેઈમ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જનશ્રી વીમા યોજના (LIC) | ૪૭૧ | ૩૨૩૧૬ | ૪૧૯૪૬૧૬.૮૦ | ૨૦૬૮૨૨૪.૦૦ | ૨૧૨૬૩૯૨.૮૦ | ૯૨ | ૯૧ | ૩૬૪૦૦૦૦ | ૦૧ |
| ૨. | ગૃપ અકસ્માત યોજના (ન્યુ.ઈન્ડીયા ઈન્સ્યો. કંપની) | ૭૩૨ | ૧૨૩૦૦૦ | ૧૨૩૦૦૦૦ | ૧૨૩૦૦૦૦ | | ૦૫ | ૦૨ | ૨૦૦૦૦૦ | ૦૩ |
| ૩. | મરણોત્તર સહાય યોજના (સ્વભંડોળમાંથી) | ૬૬૯ | દૂધ સંઘના સ્વભંડોળ માંથી | | | | ૧૨૭ | ૧૨૭ | ૫૦૮૦૦૦૦ | ૦૦ |

## : દૂધ મંડળીઓને માળખાકીય સુવિધાઓ માટે સંઘ તરફથી સહાય :

દૂધ મંડળીઓને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થાય, મંડળી ઉપર ગ્રાહકોના દૂધની ગુણવત્તાની ચકાસણી વ્યવસ્થિત થઈ શકે તેમજ દૂધના સહકારી ધંધાથી સારી રીતે માહીતગાર થઈ શકે તે માટે દૂધ સંઘ દ્વારા દૂધ મંડળીઓને દૂધ ઘર બનાવવા, મિલ્કો સ્કીન મશીન ખરીદવા, ડેરી શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવા વિકાસ ફંડમાંથી સહાય ચુકવવામાં આવે છે. હિસાબી વર્ષ દરમ્યાન ૫ દૂધ મંડળીઓને દૂધ ઘર બનાવવા માટે રૂા. ૨,૭૫,૦૦૦/- તથા ૩૩ દૂધ મંડળીઓને મિલ્કોસ્કીન મશીન ખરીદવા માટે રૂા. ૧૬,૫૦,૦૦૦/- મળી કુલ રૂા. ૧૯,૨૫,૦૦૦/- ની સહાય વિકાસ ફંડ માંથી ચુકવવામાં આવેલ છે.

## : કોમન એએમસીએસ પ્રોગ્રામ તથા ઈન્ફરમેશન ટેક્નોલોજી :

ટેકનોલોજીના ક્ષેત્રે વિશ્વએ ખૂબ પ્રગતિ કરેલ છે. ટેકનોલોજીના કારણે વિશ્વની કોઈપણ પ્રકારની માહિતી આંગળીના ટેરવે જાણી શકાય છે. માહિતીના આદાન-પ્રદાન થકી પરસ્પર વિશ્વાસની ભાવના કેળવાય છે. જે આપણા ધંધા માટે ખૂબ જ જરૂરી છે. ગુજરાત કો. ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા ગુજરાતના તમામ દૂધ સંઘો તથા મંડળીઓના વહીવટમાં એકસુત્રતા જળવાય

તેમજ કામકાજમાં સરળતા રહે તે માટે મંડળીના કોમ્પ્યુટરમાં અમૂલ કોમન સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે. આપણા દૂધ સંઘ સાથે સંકળાયેલ ૭૩૦ દૂધ મંડળીઓ તથા ખરીદ કેન્દ્રો પૈકી ૬૬૦ દૂધ મંડળીઓના એએમસીએસમાં અમૂલ કોમન સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે. બાકી રહેલ મંડળીઓ/ખરીદ કેન્દ્રો ઉપર પ્રોગ્રામ ઈન્સ્ટોલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

જે મંડળીઓ ઉપર કોમન એ.એમ.સી.એસ નો પ્રોગ્રામ ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે તેવી મંડળીઓના ગ્રાહકોના રજીસ્ટર થયેલ મોબાઈલમાં તેમણે મંડળીમાં ભરાવેલ દૂધ, તેના ફેટ-એસએનએફ તથા કિંમતના એસએમએસ ટંકે ટંક મળે છે. અમૂલ ફાર્મર એપ થકી ગ્રાહક પોતાના એન્ડ્રોઈડ મોબાઈલ ઉપર તમામ વિગતોની માહિતી મેળવી શકે છે. હાલમાં ૨૦૩૨ જેટલા ગ્રાહકો આ એપનો ઉપયોગ કરી રહયા છે.

દૂધ સંઘ દ્વારા દૂધ મંડળીઓને મોકલવામાં આવતા દૂધ બીલ, પરિપત્રો તેમજ અગત્યના કાગળો રૂટના વાહન/ટેન્કર મારફત મોકલવામાં આવતા જે મંડળીઓ ઉપર સમયસર નહી પહોંચતા હોવાની ફરીયાદ અવાર – નવાર ઉપસ્થિત થતી. આથી તા. ૦૧/૦૪/૨૦૨૦ થી ટેકનોલોજીનો ઉપયોગ કરી વેબ. પોર્ટલ મારફત જે તે મંડળીના કોમ્પ્યુટરમાં જ દૂધ બીલ, પરિપત્રો કે અગત્યના કાગળો ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

## : બી.એમ.સી. મોનીટરીંગ સીસ્ટમ :

દૂધ સંઘ દ્વારા સંચાલિત બીએમસી પર મોનીટરીંગ સીસ્ટમ લગાવવામાં આવેલ છે જે તમામ બીએમસી. ઉપર સફળતા પૂર્વક કાર્યરત છે. મોનીટરીંગ સીસ્ટમ દ્વારા બીએમસી પર રહેલ દૂધનો જથ્થો, દૂધનું તાપમાન જાણી શકાય છે. તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર જણાય તો ત્વરીત કાર્યવાહી કરી શકાય છે. બીએમસી મોનીટરીંગ સીસ્ટમ દ્વારા બીએમસીની કલીનીંગ સીસ્ટમ જાણી શકાય છે. બીએમસીનો વીજ વપરાશ ચેક કરી વીજ વપરાશ કંટ્રોલ કરી શકાય છે. આ તમામ પ્રક્રીયાનું મોનીટરીંગ મોનીટરીંગ ડીપાર્ટમેન્ટ દ્વારા ૨૪ × ૭ કરવામાં આવે છે. મોનીટરીંગ દરમ્યાન કોઈપણ પ્રકારની અસામાન્ય ગતિવિધિ જણાય તો તેની જાણ ઉપરી અધિકારીને કરી તુરંત કાર્યવાહી કરવામાં આવે છે.



## : જી.પી.એસ. સીસ્ટમ :

દૂધ સંઘ દ્વારા બીએમસી ઉપર થી ડેરી પ્લાન્ટ ઉપર તથા તેના શીતકેન્દ્ર ઉપર ટેન્કર મારફત દૂધ પરિવહનની કામગીરી કરવામાં આવે છે. તેમજ સ્થાનિક દૂધના વેચાણ બાદ વધારાનો દૂધનો જથ્થો અમૂલ ફેડ. ડેરી – ગાંધીનગર ખાતે ટેન્કર મારફત મોકલવામાં આવે છે. સદર ટેન્કર પરિવહન કામગીરી દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે ટેન્કરમાં જી.પી.એસ સીસ્ટમ લગાવી ટેન્કરોનું ટ્રેકીંગ કરવાની કામગીરી પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવેલ છે. જેમાં સફળતા મળેથી તમામ ટેન્કરોમાં જી.પી.એસ સીસ્ટમ લગાવવામાં આવશે.



## : આઈ.એસ.ઓ સર્ટીફીકેટ :

૧. **ક્વોલીટી મેનેજમેન્ટ સીસ્ટમ :–** (QMS ISO 9001:2015) ખાદ્ય સુરક્ષાના આંતરરાષ્ટ્રીય માપદંડોનો ચુસ્તપણે અમલ કરી ગુણવત્તા સંચાલન પધ્ધતિ અદ્યતન બનાવી સુરેન્દ્રનગર ડેરી પ્લાન્ટને તા. ૧૨/૦૭/૨૦૧૯ થી ISO 9001:2015 થી પ્રમાણિત કરવામાં આવેલ છે.

૨. **ફુડ સેફટી સીસ્ટમ સર્ટીફીકેટ :–** (ISO 22000(સીડયુલ ૪.૧)2017) ખાદ્ય પદાર્થના તમામ કાયદાકીય અને સુરક્ષાના માપદંડને ધ્યાનમાં રાખીને ગ્રાહકોને ગુણવત્તા અને સુરક્ષા પૂર્ણ દૂધ અને દૂધ ઉત્પાદનો સમયસર પહોંચાડવા માટે ફુડ સેફટી સર્ટીફીકેટના નીતિ–નિયમો અપનાવી તા. ૦૧/૧૦/૨૦૧૯ થી સુરેન્દ્રનગર ડેરીને (ISO 22000(સીડયુલ ૪.૧)2017) થી પ્રમાણિત કરવામાં આવેલ છે.

૩. **એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ સીસ્ટમ :–** (EMS ISO 14001:2015) સંઘ દ્વારા પર્યાવરણ સંચાલન પધ્ધતિ અપનાવીને સંઘમાં થતી પ્રવૃતિઓથી પર્યાવરણના હિતમાં કાર્ય કરી પર્યાવરણને બને તેટલી ઓછી અસર આપી મહતમ ટેકનોલોજીનો ઉપયોગ કરી કાર્ય કરવા માટે સુરેન્દ્રનગર ડેરીને તા. ૨૩/૦૭/૨૦૧૯ થી ISO 14001:2015 થી પ્રમાણિત કરવામાં આવેલ છે.

## : આઈ.એસ.ઓ તાલીમ :

આઈ.એસ.ઓ. ના ઉપરોકત તમામ ધોરણોને અમલમાં લાવવા તથા ભવિષ્યમાં આવતા નવા નીતિનિયમ અને ટેકનોલોજીને અપનાવવા માટે સંઘના કર્મચારીઓને આઈ.એસ.ઓ. ની તાલીમ આપેલ છે. જેમાં મિલ્ક પ્રોસેસીંગ, લેબોરેટરી, મિલ્ક પેકીંગ, અને એન્જીનીયરીંગના કર્મચારીઓનો સમાવેશ થાય છે. જેમને ગુડ હાઉસ કીપીંગ, ગુડ મેન્યુફેકચરીંગ, ઈન્ટરનલ ઓડીટ, ઓન–જોબ ટ્રેનીંગ, ડોકયુમેન્ટેશન, એસઓપી વગેરેની તાલીમ આપેલ છે. આ તમામ પ્રકારની તાલીમ વિવિધ પ્રકારની સંસ્થાઓ જેવી કે એન.ડી.ડી.બી. મહેસાણા, વિદ્યા ડેરી– આણંદ, ડીએનવી–જીએલ (MIT) દ્વારા આપવામાં આવેલ છે.

## : કોવીડ ૧૯ :

કોરોના નામના વાયરસે સૌ પ્રથમ ચીનના વુહાન શહેરમાં ડિસેમ્બર – ૨૦૧૯ માં દેખા દીધી. ત્યારબાદ ટુંકા ગાળાના સમયમાં કોરોના વાયરસની મહામારી એ પુરા વિશ્વને ભરડામાં લીધેલ છે. જેના કારણે WHO દ્વારા કોરોના વાયરસને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. કોરોના વાયરસનું સંક્રમણ આપણા દેશમાં શકય તેટલુ ઓછું ફેલાય તેટલા માટે આપણા પ્રધાનમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા પુરા ભારતમાં લોકડાઉન જાહેર કરવામાં આવેલ. લોકડાઉન દરમ્યાન આવશ્યક સેવા સિવાયના તમામ ધંધા રોજગાર બંધ થવાથી ગરીબ અને મધ્યમ વર્ગના રોજ કમાઈને પોતાનું ગુજરાન ચલાવતા પરિવારોને આર્થિક સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે ગુજરાત સરકારશ્રી તથા કેન્દ્ર સરકારશ્રી દ્વારા મફત રાશન વિતરણ તથા નાણાંકીય સહાય પુરી પાડી ઉત્તમ સેવાકીય પ્રવૃતિનું ઉદાહરણ પુરૂ પાડેલ છે. જેની હું સરાહના કરૂ છું.

ગરીબ પરિવારોને આર્થિક મદદપુરી પાડવાના સેવાકીય યજ્ઞમાં લોક ભાગીદારીના આશયથી આપણા લોક લાડીલા પ્રધાનમંત્રી માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા “પ્રધાનમંત્રી રાહત કોષ” માં તથા “મુખ્ય મંત્રી રાહત કોષ” માં ખુલ્લા દીલથી સરવાણી વહેતી કરવા હાકલ કરવામાં આવેલ જેના અનુસંધાને આપણા દૂધ સંઘ તરફથી રૂા. ૫૧,૦૦,૦૦૦/– તથા દૂધ સંઘ સાથે સંયોજીત દૂધ મંડળીઓ તરફથી રૂા. ૫૧,૦૦,૦૦૦/– તેમજ દૂધ સંઘના કર્મચારીઓ તરફથી એક દિવસના બેઝીક પગારની રકમ રૂા. ૧,૧૧,૧૧૧/– મળી કુલ રૂા. ૧,૦૩,૧૧,૧૧૧/– નું પ્રધાનમંત્રી તથા મુખ્યમંત્રી રાહત કોષમાં અનુદાન આપવામાં આવેલ છે.

લોકડાઉનના સમય દરમ્યાન કોરોના વાયરસના સંક્રમણના ભય વચ્ચે પણ દૂધ અને દૂધની બનાવટોનો પૂરવઠો બજારમાં અવિરતપણે કોઈપણ જાતના વિક્ષેપ વગર જાળવી રાખવામાં આવેલ છે. તે બદલ દૂધ સંઘના અધિકારીઓ તથા સ્ટાફને અભિનંદન આપુ છું. લોકડાઉનના સમયમાં અવિરત ફરજ બજાવતા પોલીસ ફોર્સના જવાનો માટે આપણી ડેરી તથા જી.સી.એમ.એમ.એફ. દ્વારા ટેટ્રા પેકમાં મસાલા છાશ તથા સાદી છાશનું વિતરણ કરવામાં આવેલ છે.

કોરોના વાયરસના સંક્રમણથી બચવાના અગમચેતીના ભાગ રૂપે સંઘ દ્વારા નિષ્ણાંત ડોકટરોની ટીમ બોલાવી તમામ સ્ટાફ તથા રોજમદાર કર્મચારીઓના મેડીકલ ચેકઅપ માટેના કેમ્પનું આયોજન કરવામાં આવેલ. સુરસાગર ડેરી કેમ્પસના બન્ને ગેટ આગળ સેનેટાઈઝર ટનલ બનાવી તમામ કર્મચારીઓ તથા મુલાકાતીઓને ટનલનો ઉપયોગ કરવા જણાવવામાં આવે છે. થર્મલગનથી તમામ કર્મચારીઓના ટેમ્પરેચર ચેક કરી તેની નોંધ કરવામાં આવે છે. તમામ કર્મચારીઓને કપડાના માસ્ક પુરા પાડવામાં આવેલ છે. જેનો ફરજીયાત ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે. ડેરીના તમામ વિભાગ તથા ગેઈટ ઉપર સેનેટાઈઝરની બોટલ રાખવામાં આવેલ છે. જેના દ્વારા કર્મચારીઓ દર બે થી ત્રણ કલાકે પોતાના હાથ સેનેટાઈઝ કરે છે. તેમજ ડેરીમાં આવતા તમામ વાહનો – ટેન્કરોને સેનેટાઈઝર પંપ દ્વારા સેનેટાઈઝ કર્યા પછી જ અંદર પ્રવેશ આપવામાં આવે છે. દૂધ સંઘમાં કર્મચારીઓ તથા મુલાકાતીઓ વચ્ચે સોશીયલ ડીસ્ટન્સ જળવાય તેની પુરતી કાળજી રાખવામાં આવે છે. તેમજ દૂધ મંડળીઓ ઉપર ગ્રાહકો દૂધ ભરવા આવે ત્યારે પણ સોશીયલ ડીસ્ટન્સ જળવાય તેવી વ્યવસ્થા કરવા સુચના આપવામાં આવેલ છે. આમ કોવીડ–૧૯ ના સંક્રમણને અટકાવવા માટેના જે પગલા લેવામાં આવેલ છે તેની હું સરાહના કરૂં છું.

# આભાર દર્શન

અહેવાલના વર્ષ દરમ્યાન જે જે મહાનુભાવો તથા સંસ્થાઓ તરફથી પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રૂપે આપણી સંસ્થાની કામગીરીમાં સાથ – સહકાર અને માર્ગદર્શન મળેલ છે. તેવા સર્વેનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

ગુજરાત રાજયના પનોતા પુત્ર અને લોક લાડીલા એવા ભારતના વડા પ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ તથા ગૃહ પ્રધાન માનનીય શ્રી અમિતભાઈ શાહ સાહેબ તરફથી મળેલ સાથ અને સહકાર બદલ તેઓનો ખૂબ ખૂબ આભારી છું.

આપણી સંસ્થાના વિકાસમાં જેઓનો સતત સાથ સહકાર અને માર્ગદર્શન મળતું રહયું છે તેવા ગુજરાત કો–ઓપ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. ના ચેરમેનશ્રી રામસિંહભાઈ પરમાર, નિયામક મંડળના સભ્યશ્રીઓ, મેનેજીંગ ડિરેકટરશ્રી આર.એસ.સોઢી તથા તમામ અધિકારીશ્રીઓનો આભાર વ્યકત કરૂં છું. રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ તરફથી મળેલ સહકાર અને સહાય બદલ તેમનો આભાર માનું છું. ગુજરાતના અન્ય દૂધ સંઘો તરફથી મળેલ સહકાર બદલ તેના ચેરમેનશ્રી તથા મેનેજીંગ ડિરેકટરશ્રીનો ખૂબ ખૂબ આભારી છું.

ગુજરાત રાજયના મુખ્યમંત્રી માનનીય શ્રી રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિન પટેલ સાહેબ, કૃષિ (ગ્રામ વિકાસ, મત્સ્ય ઉદ્યોગ) મંત્રીશ્રી આર.સી. ફળદુ સાહેબ, સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ સાહેબ, પશુપાલન મંત્રીશ્રી કુંવરજી બાવળીયા સાહેબ તથા રાજય સરકારના મંત્રી મંડળના તમામ સભ્યશ્રીઓ તરફથી ડેરી વિકાસની પ્રવૃતિ અંગે મળેલ માર્ગદર્શન તથા સહકાર બદલ તેમનો ખૂબ ખૂબ આભારી છું.

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ માનનીય શ્રી જીતુભાઈ વાઘાણી સાહેબ, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ માનનીય શ્રી આઈ.કે. જાડેજા સાહેબ, ભૂતપૂર્વ મંત્રીશ્રી ગુજરાત રાજય માનનીય કિરીટસિંહ રાણા સાહેબ, જિલ્લાના સાંસદ સભ્ય માનનીય શ્રી મહેન્દ્રભાઈ મુંજપરા સાહેબ, જિલ્લાના તમામ ધારાસભ્યશ્રીઓ, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી તથા મહામંત્રીશ્રીઓ તેમજ શ્રી હરદેવસિંહ પરમાર ચેરમેનશ્રી ડી.કો.ઓપ. બેંક લી., વગેરે તરફથી મળેલ સાથ અને સહકાર બદલ તેઓનું ઋણ સ્વીકાર કરૂં છું.

